# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૨/૧૨/૨૦૨૩**

- **કેન્દ્રની મોદી સરકારના ઈશારે ૧૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવાના કૃત્ય એ લોકશાહીના પાયા પરના આકરા હુમલાનો ઉગ્ર વિરોધ કરવા માટે રાજ્યવ્યાપી જિલ્લા-શહેર ખાતે યોજાનાર વિરોધ પ્રદર્શનમાં સુરત, ભાવનગરના શિહોર, ગાંધીનગર, બોટાદ, ભરૂચ, તાપી સહીત કોંગ્રેસના કાર્યકરોની અટકાયત થઇ**
- **લોકશાહી સિદ્ધાંતોની હત્યા તરીકે વર્ણવામાં આવેલા આ નિર્લજ્જ કૃત્ય આપણી સંસદને મૃત અવસ્થમાં ફેરવી દીધી છે**
- **ભાજપા લોકશાહીના મંદીર સંસદ ગૃહમાં પ્રશ્ન પૂછનાર સાંસદોને જવાબ આપવાને બદલે સસ્પેન્શન પકડાવીને જવાબ આપવાથી ભાગી રહી છે.**

કેન્દ્રની મોદી સરકારના ઈશારે ૧૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવાના કૃત્ય એ લોકશાહીના પાયા પરના આકરા હુમલાનો ઉગ્ર વિરોધ કરવા માટે રાજ્યવ્યાપી જિલ્લા-શહેર ખાતે યોજાનાર વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામ ઉપસ્થિત કાર્યકરો, ભાઈ – બહેનોને સંબોધન કરતા અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, લોકતંત્ર બચાવો – સંવિધાન બચાવો ધરણા દેશહિતમાં સમગ્ર દેશમાં યોજાઈ રહ્યા છે. મોંઘવારી – બેરોજગારી આસમાને છે. સામાન્ય માણસની જીંદગી સતત મુશ્કેલી ભર્યું બનતું જાય છે. સંસદમાં સુરક્ષા ચૂક થાય છે. તે અંગે સત્તાધારી પક્ષ જવાબ આપવાને બદલે પ્રશ્ન પૂછનાર કોંગ્રેસ પક્ષ સહિતના સાંસદોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા જે સંપૂર્ણ પણે ગેર લોકતાંત્રિક કાર્યવાહીથી દેશવ્યાપી આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે લોકતંત્ર બચાવો – સંવિધાન બચાવો નારા સાથે કોંગ્રેસ પક્ષ દેશહિતમાં લડાઈ લડી રહ્યું છે.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમારે જણાવ્યું હતું કે લોકશાહી પક્ષના કલંકિત હુમલામાં કેન્દ્રની ભાજપ સરકારે આઘાતજનક રીતે સંસદના બંને ગૃહોમાંથી ૧૪૯ સાંસદોને સસ્પેન્ડ કર્યા છે. લોકશાહી સિદ્ધાંતોની હત્યા તરીકે વર્ણવામાં આવેલા આ નિર્લજ્જ કૃત્ય આપણી સંસદને મૃત અવસ્થમાં ફેરવી દીધી છે જે લોકતંત્ર માટે ચિંતાનું વિષય છે. ભાજપના શાસનમાં સંસદ પણ અસલામત છે, ભાજપાની તાનાશાહી માનસિકતા લોકશાહી માટે ખતરારૂપ છે. દેશના મુળ પ્રશ્નો મોંઘવારી, બેરોજગારી, વધતી જતી અસમાનતા, મહિલા સુરક્ષા સહિતના અનેક મોરચે નિષ્ફળ ગયેલી ભાજપા લોકશાહીના મંદીર સંસદ ગૃહમાં પ્રશ્ન પૂછનાર સાંસદોને જવાબ આપવાને બદલે સસ્પેન્શન પકડાવીને જવાબ આપવાથી ભાગી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કોર સમિતિના સભ્ય – પૂર્વ ધારાસભ્ય ગયાસુદ્દીન શેખ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ ડૉ ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, ધારાસભ્ય શ્રી ઇમરાન ખેડાવાલા, એ.આઈ.સી.સી.ના પ્રવક્તા શ્રી રોહન ગુપ્તા, મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષદોશી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને શહેર સંગઠન પ્રભારી શ્રી બિમલભાઈ શાહ, પ્રદેશ હોદ્દેદાર શ્રી પંકજભાઈ શાહ, શ્રી ગીતાબેન પટેલ, અમદાવાદ મ્યુ.કોર્પોરેશન કોંગ્રેસ પક્ષના નેતા શ્રી શહેજાદખાન પઠાણ, શ્રી સુરેન્દ્ર બક્ષી, શ્રી ઇકબાલ શેખ, શ્રી સી.એમ. રાજપૂત, શ્રી નઈમ મિર્ઝા, મહિલા કોંગ્રેસ પ્રમુખ કામીનીબેન સોની, યુવક કોંગ્રેસના પ્રમુખ શ્રી વિશાલ ગુર્જર, એન.એસ.યુ.આઈ. પ્રમુખ શ્રી આસિફ પાવર સહિતના પદાધિકારીઓ, કાર્યકરો - આગેવાનો, ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કેન્દ્ર સરકારની તાનાશાહી સામે મોટા પાયે સુત્રોચ્ચાર કર્યા હતા.

-----------------------------------------------------------------------

કેન્દ્રની મોદી સરકારના ઈશારે ૧૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવાના કૃત્ય એ લોકશાહીના પાયા પરના આકરા હુમલાનો ઉગ્ર વિરોધ કરવા માટે **રાજ્યવ્યાપી જિલ્લા-શહેર ખાતે યોજાનાર વિરોધ પ્રદર્શનમાં સુરત, ભાવનગરના શિહોર, ગાંધીનગર, બોટાદ, ભરૂચ, તાપી સહીત કોંગ્રેસના કાર્યકરોની અટકાયત થઇ** પોલીસ દ્વારા બળજબરી પૂર્વક કોંગ્રેસના કાર્યકરોને શાંતિપૂર્વક ધરણા પ્રદર્શનને અટકાવામાં આવ્યા સમગ્ર રાજ્યમાં ધરણા – પ્રદર્શનમાં મોટા પાયે લોકતંત્ર બચાવો – સંવિધાન બચાવો – લોકશાહીની હત્યા અટકાવો – ભાજપ તારી તાનાશાહી નહિ ચલેગી સહીતના ઉગ્ર સુત્રોચ્ચાર સાથે મોટી સંખ્યામાં કાર્યકરો આગેવાનો જોડાયા હતા

**ડૉ.મનીષ દોશી**
**મીડીયા કન્વીનર અને પ્રવક્તા**

- આ સાથે કાર્યક્રમના ફોટોગ્રાફ્સ ઈમેઈલ કરવામાં આવ્યા છે